# સમજનો વિકાસ

માનવ જીવન એક યાત્રા છે, એક જાત્રા છે, જન્મથી મરણ સુધીની. એ યાત્રા- જાત્રા જો સુંદર- સુખમય બનાવવી હોય તો સમજની પગથિયાં ચડવા જરૂરી છે. શરૂઆતમાં પગથિયાં આરામદાયક લાગે, ધીમે ધીમે જેમ જેમ ઉપર ચડતાં જઈએ તો હાંફ પણ લાગે. નીચે તળેટી વ્યાપક હોય પરંતુ જેમ જેમ ઉપર ચઢતા જઈએ તેમ તેમ સાંકડી થતી જાય.. તેમ છતાં જ્યારે ટોચ પર પહોંચીએ ત્યારે બધો થાક ઉતરી જાય અને એક આહલાદક આનંદની અનુભૂતિ થાય છે જે વર્ણવી મુશ્કેલ છે. પાલિતાણા, ગિરનાર બધે આ જ આપણો અનુભવ છે, અનુભૂતિ છે.

બસ, આ જ રીતે જેમ જેમ સમજના પગથિયાં ચઢતાં જઈએ, ત્યારે ક્યારેક થાક લાગે, ક્યારેક હાંફ ચઢે પરંતુ જ્યારે આપણી વિવેક, એક દિવ્ય દ્રષ્ટિ બની જાય ત્યારે એક દિવ્યતાનો અનુભવ થાય, અનુભૂતિ થાય, જે વર્ણવી મુશ્કેલ છે. જીવનમાં સુખ, શાંતિ, સમાધિ, પ્રસન્નતા, હળવાશ અને મધુરતા આવી જાય.

તો આ સમજશક્તિ- વિવેકદ્રષ્ટિ શું છે ?

મારા મા-સ્વામી કહેતાઃ

શરીરની તંદુરસ્તીમાં, મનની સ્વસ્થતામાં અને આત્માની પવિત્રતામાં જે પરિબળો સહાયક બને છે એવું લાગે તેને અપનાવી લેવા, ચાહે એ જૂના હોય કે નવા હોય એ છે વિવેકદ્રષ્ટિ, સાચી સમજણ. અને આનાથી ઉલ્ટું, જે પરિબળો એમાં બાધક બનતા હોય, ચાહે જૂના હોય કે નવા, એને છોડી દેવાના. એક પળનો ય વિલંબ ન કરવો, એનું નામ છે સાચી સમજણ.

સમજણ એ સુખી જીવન માટેનું આવશ્યક અંગ છે. આપણા રોજબરોજના જીવનમાં કેટલીક ગેરસમજણ (અજ્ઞાન) આપણને દુઃખી કરતી હોય છે, જ્યારે કેટલીક સમજણો સુખી કરતી હોય છે. જીવનની પ્રત્યેક સમસ્યાના કેન્દ્રમાં સમજણનો અભાવ રહેલો હોય છે. પૈસો જીવનમાં સહજતા અને સરળતા લાવે

છે. સહજતા અને સરળતા દીર્ધાયુ હોય છે, જ્યારે સગવડ પૈસા આધારિત હોય, અલ્પજીવી બની રહે છે.

બાઈબલ જણાવે છે સુજ્ઞાન, સમજણ, ડહાપણ તથા વિવેકબુધ્ધિ પકડી રાખ, ત્યારે તું તારા માર્ગમાં સહીસલામત ચાલતો હશે અને તારો પગ લથડશે નહીં.

વર્તમાન યુગ એ બુધ્ધિયુગ છે. એમાં જડ અને ચેતન બંનેનું સંચાલન બુધ્ધિ કરે છે. બુધ્ધિને અનેક બારણાઓ છે. જો ભૂલથી ખોટું બારણું ખૂલી ગયું તો આપણે એની ભૂલામણીમાં અટવાઈ જઈએ છીએ. આપણો સમગ્ર જીવન વ્યવહાર બુધ્ધિએ પોષેલા સ્વાર્થ વડે ચાલે છે. માનવીના હ્રદય કરતાં એની બુધ્ધિએ અનેકગણી મોટી હરણફાળ ભરી છે, તે આજના સુખ સગવડના સાધનો સિધ્ધ કરે છે. બુધ્ધિએ જેમ માનવીને જીવવાની શક્તિ આપી છે તેમ અન્યના સંહાર કરવાની શક્તિ પણ આપી છે. હ્રદય માનવીની લાગણીનું તંત્ર સંભાળે છે, તો બુધ્ધિ એના સુખ અને સ્વાર્થનું. અહીં જ બુધ્ધિ માર ખાય છે.

જ્યારે બુધ્ધિ માર ખાય છે, ત્યારે જ અને ત્યાં જ જરૂર પડે છે વિવેકસભર બુધ્ધિની. આ વિવેક તો માનવીના મનના ગર્ભમાં જન્મથી જ રહેલો હોય છે, પણ આપણે તેને પાંગરવા દેતા નથી. તેથી ઈચ્છા- અનિચ્છા અને ગમા—અણગમાનાં લેવલ વડે આપણો બધો જીવન વ્યવહાર ચલાવીએ છીએ.

વિવેકશીલ માનવી વિવેક બુધ્ધિ દ્વારા ત્યારે જ વિજયી બની શકે જ્યારે તેના વ્યવહારમાં પરમાર્થ અને પરમાર્થમાં વ્યવહારની સમતુલના હોય. બુધ્ધિને વિવેકબુધ્ધિ બનાવવાની યાત્રા- જાત્રામાં શરૂઆતમાં જરૂર તકલીફ પડી શકે, પરંતુ એક લેવલ પર પહોંચ્યા પછી એ સ્થિતિ સંપૂર્ણ સુખ, શાંતિ, સમાધિ તથા પ્રસન્નતાની અવર્ણનીય અનુભૂતિ કરાવે છે.